**_અંકલેશ્વરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં._**

ક્રિ.કેસ નં.૧૧૮/૨૦૨૬
આંક:–

***ફરીયાદી*** :– શ્રી સ ર કા ર.

***વિરૂધ્ધ***

***આરોપી*** :– વસંતભાઈ મોહનભાઈ ચાવડા
રહે.મ.નં. આઈ/૧/૬ ડી.જી. નગર ગડખોલ પાટીયા અંકલેશ્વર જી.ભરૂચ

**ગુનો:–બી.એન. એસ. ની કલમ ૨૨૩ (બી) મુજબ.**

**–// ક બુ લા ત ઠ રા વ //–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ નોંધણી નહી કરાવી અને મકાન ભાડે આપી મે.જીલ્લા મેજી. શ્રી ભરૂચના જાહેરનામા નો ભંગ કરી ગુનો કરેલ. જે અંગે ફરીયાદીએ આરોપી સામે શ્રીસરકાર તર્ફે ધોરણસરની ફરીયાદ આપેલ અને સદર ફરીયાદના કામે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આ કામના આરોપી આજરોજ નામ.કોર્ટ રુબરૂ હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાંની ખાત્રી કરી આરોપી સામેના આક્ષેપીત ગુના અંગેની ''પ્લી '' તૈયાર કરી, આરોપીને વાંચી સંભાળવી, સમજાવતા તથા સદરહુ ગુનામાં સજા અંગેની જોગવાઈ અંગે સમજ કરતા, આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલો છે. વધુમાં ગુના કબુલાતની પુરશીશ આપેલ છે. આમ આરોપીની ગુનાની કબુલાત સ્વૈચ્છીક અને કોઈપણ

જાતના દબાણ વગરની હોઈ, સ્વીકારવામાં આવે છે અને આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુના માટે તકશીરવાર ઠરાવવામાં આવે છે.

(૩) આરોપી તર્ફે રજુઆત છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ ગરીબ વર્ગના અને કુટુંબ કબીલાવાળા માણસ છે અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે છે, કાયદાની અજ્ઞાનતાના કારણે આવો ગુનો થઈ ગયેલ છે. ભવિષ્યમાં તેઓ આવો ગુનો નહી કરે તેની નામ. કોર્ટને ખાત્રી આપેલ છે અને આરોપીએ નામ.કોર્ટની દયાની માંગણી કરેલ છે.

(૪) આરોપી તરફેની રજુઆત, આરોપીની સ્વૈચ્છીક કબુલાત, કેસના સંજોગો અને હકીકતો તેમજ આરોપીની યુવાન વય વિગેરે હકીકતો ધ્યાને લેતા આરોપીને કાયદામાં નિયત કરેલી સજા કરતા હળવી સજા કરવાથી આરોપીને સુધરવાની તક મળે અને આરોપી એક સારા નાગરીક બની રહેશે, જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***-//હુકમ//-***

આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે બી.એન. એસ. ની કલમ ૨૨૩ (બી) મુજબના ગુનામાં દોષીત ઠરાવી રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિવસ-૧ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૪ , માહે- માર્ચ સને-૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :-૧૪/૦૩/૨૦૨૬
સ્થળ :- અંકલેશ્વર.

**(આર.એ. ચૌહાણ )**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અંકલેશ્વર.
કોડ નં જી.જે.૦૧૭૪૭